RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 304* Date: 24.08.2023,Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ચંદ્રયાન-3નું ચાંદ પર સફળતાપૂર્વક લેન્ડીંગ

# ચાંદ પર લહેરાયો તિરંગો, સાઉથ પોલ પર ઉતરનાર પહેલો દેશ બન્યો ભારત



નવીદિલ્હી,તા.૨૩

ચંદ્રયાન-૩એ ચાંદની જમીન પર સફળ લેન્ડીંગ કર્યું હતું.આ સફળતા હાંસલ કરનાર ભારત દૂનિયાનો ચોથો દેશ બની ગયો છે.ચંદ્રયાન ૩ના લોન્ચીંગની શરૂઆત ૫.૩૦ કલાકે શરૂ થઇ હતી રફ લેન્ડીંગ ખુબ જ સફળતા પૂર્વક રહી ત્યારબાદ ૫.૪૫ કલાકે લેન્ડીંગે લેન્ડરે વર્ટિકલ લેન્ડીંગ કર્યું ત્યારે ચંદ્રયાન ૩ની ચંદ્રમાથી અંતર ૩ કિમી રહી ગઇ હતી તેની ૨૦ મિનિટમાં ચંદ્રમાની અંતિમ કક્ષાથી ચંદ્રયાન ૩એ ૨૫ કિમીનું સફળ પુરૂ કર્યું ત્યારબાદ લેડરને ધીમે ધીમે નીચે ઉતારવામાં આવ્યું સાંજે ૬.૦૪ મિનિટે લેંડરે ચાંદ પર પહેલો પગ મુકયો આ રીતે ભારતે ચાંદના સાઉથ પોલ પર પગલુ મુકનાર ભારત દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. ૪૦ કરોડ લોકોની પ્રાર્થના અને ઈસરોના સાતા ૧૬ હજાર વૈજ્ઞાનિકોની ચાર વર્ષની મહેનત રંગ લાવી છે હવે પુરી દુનિયા જ નહીં ચાંદ પણ ભારતની મુઠ્ઠીમાં છે.

## ૧૪૦ કરોડ ભારતીયોને અભિનંદન,ભારતે ઇતિહાસ રચી દીધો છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોહાન્સબર્ગથી વર્ચુઅલી લોન્ચીગ પ્રસંગે હાજર રહ્યાં હતાં ચંદ્રમા પર વિક્રમ લેન્ડીંગ જોવા માટે દિલ્હીમાં સીઆરઆઇઆર મુખ્ય મથકે કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી હાજર રહ્યાં હતાં મિશન સફળ થતાં જ દેશભરમાં ઉજવણી શરૂ કરવામાં આવી હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈસરોની સફળતા બાદ વડાપ્રધાને કહ્યું હતું કે આ સફળ મિશન પર ભારત જીતની ઉજવણીમાં ડુબેલું છે જયારે આપણે આપણી આંખોની સામે ઈતિહાસ બનતા જોઈએ છીએ તો જીવન ધન્ય થઇ જાય છે આ ક્ષણ વિકસિત ભારતના શંખનાદનો છે.તેમણે સફળ લેન્ડીંગ માટે અભિનંદન પાઠવ્યા હતાં.તેમણે કહ્યું હતું કે ચંદા મામા હવે દુરના નહીં ટુરના છે તેમણે કહ્યું હતું કે આ ક્ષણ ભારતના સામર્થ્યનો છે આ ક્ષણ ભારતમાં નવી ઉર્જા,નવો વિશ્વાસ નવી ચેતનાનો છે આ ક્ષણ અવિસ્મરણીય છે આ ક્ષણ નવા ભારતના જયઘોષનો છે. આ ક્ષણ જીતના ચંદ્ર પટ પર ચાલવાનો છે આપણે ધરતી પર સંકલ્પ લીધો અને ચાંદ પર તેને સાકાર કર્યો આપણે અંતરિક્ષમાં નવા ભારતની નવી ઉડાનના સાક્ષી બનેલ છે વડાપ્રધાને ઈસરોના પ્રમુખ સાથે ફોન પર વાતચીત કરી હતી અને અભિનંદન પાઠવ્યા હતાં મારા તરફથી તમને તમારી ટીમને ખુબ ખુબ અભિનંદન બધાને મારા તરફથી અભિનંદન હું રૂબરૂમાં પણ અભિનંદન આપીશલોન્ચીંગની સફળતા બાદ તરત જ નાગરિકો માર્ગો ઉપર ઉતરી આવ્યા હતાં અને ભારત માતા કી જયનો સુત્રોચ્ચાર કર્યો હતો અને લોકોના હાથમાં તિરોગો હતો અને તે લહેરાવતા જોવા મળ્યા હતાં ઈસરોમાં પણ હાજર રહેલ વૈજ્ઞાનિકો પણ ઝુમી ઉઠયા હતાં અને એક બીજાને અભિનંદન પાઠવવા લાગ્યા હતાં.દિલ્હીના કર્તવ્ય પથ પર લોકો એકત્રિત થઇ ગયા હતાં અને ઉજવણી કરી હતી અને સુત્રોચ્ચાર કર્યા હતાં. જમ્મુમાં પણ ઉજવણી કરવામાં આવી હતી તેમના હાથમાં તિરંગો લીધેલ હતો અને વંદે માતરમના સુત્રોચ્ચાર કર્યા હતાં અને ઢોલ નગરા સાથે ડાન્સ કરી ઉજવણી કરી હતી.દરમિયાન ચંદ્રયાન ૩ની આ સફળતા માટે દેશમાં પ્રાર્થના કરવામાં આવી હતી ચંદ્રયાન ૩ મિશન માટે માત્ર મંદિરોમાં જ નહીં, દરગાહમાં પણ પ્રતિજ્ઞાઓ માંગવામાં આવી હતી અજમેરની દરગાહ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુસ્લિમ ધર્મના ગુરુ ચંદ્રયાન ૩ના સફળ ઉતરાણ માટે પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા. ભારતના ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણ માટે, મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સ્થિત શ્રી મહાકાલેશ્વર મંદિરમાં વહેલી સવારે વિશેષ 'ભસ્મ આરતી' કરવામાં આવી હતી.

# અમદાવાદમાં ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ માટે નવચંડી યજ્ઞ કરાયો



ભારત માટે ઐતિહાસિક દિવસ છે. આજે ચંદ્રયાન-૩ ચંદ્ર પર લેન્ડિંગ કરશે જેને લઈને અમદાવાદ સહિત અનેક જગ્યાએ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે ચંદ્રયાન-૩ના લેન્ડિંગ માટે અમદાવાદમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.ભારત માટે આજનો દિવસ ખાસ છે અને આજે વિશ્વની નજર ચંદ્રયાન-૩ પર છે, ત્યારે દેશની સાથે વિશ્વભરમાં વસતા ભારતીયો ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ માટે પ્રાર્થના કરી રહ્યા છે. અલગ-અલગ ધર્મના હોવા છતાં, લોકો દેશ માટે એકઠા થઈ રહ્યા છે અને તેમની માન્યતાઓ અનુસાર પુજા-પાઠ તેમજ હવન કરવામાં આવી રહ્યા છે ત્યારે અમદાવાદમાં પણ નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં વિશેષ આહુતિ આપવામાં આવી હતી. સાંજે ચંદ્રયાન ચંદ્રની ધરતી પર લેન્ડિંગ કરશે તેને લઈને દેશભરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં પણ ઠેર-ઠેર સફળ લેન્ડિંગ માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે, ત્યારે અમદાવાદના કાકરિયા નજીક આવેલી ચંદ્રપ્રકાશ સોસાયટીમાં પણ એક નવચંડી યજ્ઞ આજે બપોરે વિજય મુહુર્તમાં કરવામાં આવ્યો હતો અને આ યજ્ઞમાં વિશેષ આહુતિ પણ અર્પણ કરવામાં આવ્યો હતો. સોસાયટીના લોકોએ સામૂહિક રીતે બે હાથ જોડીને ચંદ્રયાન-૩નું લેન્ડિંગ સફળ થાય તે માટે પ્રાર્થના કરી હતી.

# નેપાળમાં ભયાનક માર્ગ અકસ્માત, બસ ત્રિશુલી નદીમાં ખાબકતા ૮ લોકોના મોત, ૧૫થી વધુ ઘાયલ




નેપાળમાં એક ભયાનક માર્ગ અકસ્માતની ઘટના બની છે જેમાં ધાડિંગ જિલ્લામાં એક પેસેન્જર બસ ત્રિશુલી નદીમાં ખાબકી હતી. આ દુર્ઘટનાને પગલે આઠ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા.નેપાળના બાગમતી પ્રાંતમાં આજે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા છે, જ્યારે ૧૫થી વધુ લોકો ઘાયલ થયાના સમાચાર મળી રહ્યા છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ અનુસાર નેપાળના બાગમતી પ્રાંતમાં એક પેસેન્જર બસ મુખ્ય હાઈવે પરથી નદીમાં ખાબકી હતી. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ બચાવ કામગીરી ચાલુ છે. ધાડિંગ પોલીસ વડા એસપી ગૌતમ મિશ્રાએ જણાવ્યું કે સર્ચ ઓપરેશન ચાલુ છે. આ ઘટનામાં મૃત્યુઆંક વધવાની શક્યતા છે. આ ભયાનક અકસ્માત બાદ બસ ત્રિશુલી નદીમાં આંશિક રીતે ડૂબી ગઈ હતી, પરંતુ બચાવકર્તાઓએ બસની અંદરથી ઘણા મુસાફરોને જીવતા બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

# હવે વર્ષમાં બે વખત લેવાશે બોર્ડની પરીક્ષા, ધો. ૧૧-૧૨ના વિદ્યાર્થીઓએ બે ભાષામાં અભ્યાસ કરવો પડશે

બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. શિક્ષણ મંત્રાલયે કહ્યું કે હવે બોર્ડની પરીક્ષાનું આયોજન વર્ષમાં બે વખત કરાશે. આટલું જ નહીં. ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ બે ભાષામાં અભ્યાસ કરવાનો રહેશે. તેમાંથી એક ભાષા ભારતીય હોવી જરૂરી છે. નવા અભ્યાસક્રમની જાહેરાત, ૨૦૨૪માં પુસ્તકો બદલાશે તાજેતરની અપડેટ અનુસાર શિક્ષણ મંત્રાલયે નવા અભ્યાસક્રમના માળખાની જાહેરાત કરી છે. હવેથી બોર્ડની પરીક્ષા બે વખત આપવી પડશે અને તેની સાથે વિદ્યાર્થીઓને તેમના સર્વશ્રેષ્ઠ માર્ક્સ જાળવી રાખવાની તક મળશે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (દ્રઈ)માં મોટો ફેરફાર કર્યો છે. તેનાથી શિક્ષણ પદ્ધતિ બદલાવા જઈ રહી છે. શિક્ષણ મંત્રાલયના નવા અભ્યાસક્રમના માળખા હેઠળ બોર્ડની પરીક્ષાઓ મહિનાઓ સુધીની કોચિંગ અને ગોખણપટ્ટી કરવાની ક્ષમતાની તુલનાએ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની સમજ તથા દક્ષતાના સ્તરનું મૂલ્યાંકન કરશે. શિક્ષણ મંત્રાલયના અભ્યાસક્રમના માળખા હેઠળ ધોરણ ૧૧ અને ૧૨માના વિષયોની પસંદગીનું સ્ટ્રીમ સુધી મર્યાદિત નહીં રહે. પણ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પસંદગીનો વિષય પસંદ કરવાની આઝાદી મળશે.

# ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ૭ દિવસ માટે બેઝિક અને એડવાન્સ શિબિર (સ્કાઉટ અને ગાઈડ કોર્સ) નું ઉદ્ઘાટન




ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી અને શિક્ષક ગણ તેમજ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી અને શિક્ષકગણ માટે ૭ દિવસ માટે બેઝિક સ્કાઉટ અને ગાઈડ કોર્સ નું ઉદ્ઘાટન ગાંધીનગર ડાયટ બ્ઝઈ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું.

બેઝિક અને એડવાન્સ શિબિર કેમ્પના ઉદ્ઘાટન પ્રસાંગે જસવંતભાઈ પટેલ ચેરમેન શ્રી સ્ટેન્ડિંગ કમિટી ગાંધીનગર મહાનગરપાલિકા, શ્રી ટી એસ જોશી પૂર્વ નિયામક જી.સી.ઈ.આર.ટી અને ડાયરેક્ટરશ્રી ચિલ્ડ્રન યુનિવર્સિટી તેમજ સ્વાતિબેન રાઓલ સંકલન અધિકારી અને ઇન્ચાર્જ મદદનીશ શિક્ષણ નિયામક ભરતી કમિશનર શાળાઓની કચેરી ખાસ ઉપસ્થિત રહ્યા.કાર્યક્રમ મા યુવરાજસિંહજી વાઘેલા, સ્કાઉટ કમિશનરે મહેમાન નુ સ્કાર્ફ પહેરવી ને સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે માનસિંગભાઈ ચૌધરી ચીફ ટ્રેનર અને તેમની ટીમ ગુજરાત રાજ્ય સ્કાઉટ ગાઈડ સંઘ,જિલ્લા ચીફ કમિશનર ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ ના ચીફ કમિશનર રતિલાલ જોશી સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા મહામંત્રી અંજનાબેન ચૌધરી ગાઈડ ટ્રેનર એકતા સિંઘ દ્વારા ઉપસ્થિત રહીને કેમ્પનુ આયોજન અને સફળ સંચાલન કરવામાં આવ્યું.તેમજ જરૂરી સાહિત્ય નુ વિતરણ કરવામાં આવ્યું તેમજ સ્કાઉટ ગાઈડ ના નિયમોની જાણકારી અને તાલીમ આપવામાં આવી. ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા બેઝિક અને એડવાન્સ કોર્સ નુ ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું.



તારીખ ૨૩ ઓગસ્ટ ના રોજ જિલ્લા કક્ષા ની યોગાસન સ્પર્ધા શ્રી સી જે પંચાલ જયભારતી વિદ્યાલય , સંડેર ખાતે યોજાઈ જેમાં જુદા જુદા વય જૂથ મા કુલ ૫૪ બાળકો એ ભાગ લીધો હતો .જેમાં જે ખેલાડી ઓ નો નંબર આવ્યો હતો તેમને સંડેર હાઈસ્કૂલ દ્વારા શિલ્ડ આપી ને સન્માનિત કરવામાં આવેલ .આ પ્રસંગે પાટણ જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી કિરણભાઈ પટેલ ,શાળા ના આચાર્ય શ્રી ડો,મનીષભાઈ પટેલ,યોગ કોચ દિપકભાઈ સુથાર,શાળા ના વ્યાયામ શિક્ષક સુનીલભાઈ ઠાકોર ઉપસ્થિત રહી ખેલાડી ઓ ને પ્રોત્સાહિત કર્યા.

# રાજ્યની ગૌશાળા-પાંજરાપોળો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારની મહત્વપૂર્ણ જાહેરાત

રાજ્યમાં જે ગૌશાળા-પાંજરાપોળ એક જ રજિસ્ટ્રેશન ધરાવતી હોય, પરંતુ એક કરતાં વધુ સ્થળે પશુ નિભાવ શેલ્ટર હોમ હોય તેવી સંસ્થાઓને શાખા દીઠ વધુમાં વધુ ૩ હજાર પશુની મર્યાદામાં પશુ દીઠ રોજના રૂ.૩૦ પ્રમાણે સહાય અપાશે. આ ઉપરાંત સહાય મેળવવાની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બનાવવા પણ અગત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજનાનો લાભ મેળવવા માંગતી સંસ્થાઓએ હવે આઇ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આવી સહાયની રકમ જે તે સંસ્થાને ડ્ડ્સ્થી સીધી જ તેના બેન્ક ખાતામાં જમા આપવામાં આવશે. સમસ્ત મહાજન દ્વારા રાજ્યની ગૌશાળા પાંજરાપોળોને સ્વાવલંબન માટે રૂ. ૨.૫૧ કરોડની સહાયના ચેક અર્પણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સમારોહમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, જીવદયાના કાર્યોથી લઈને છેવાડાના નાનામાં નાના માનવીના વિકાસ સુધીની વિવિધ યોજનાઓમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનભાગીદારી-પીપીપીના મોડલ દ્વારા વિકાસની રાજનીતિની ગતિ વધુ વેગવંતી બનાવી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દરેક યોજનામાં જન-જન કઈ રીતે જોડાય તેનો સફળ આયામ વડાપ્રધાનશ્રીએ આદર્યો છે.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ વિધાનસભાના ઉપદંડક શ્રી જગદીશ મકવાણા સહિત સમગ્ર રાજ્યની ગૌશાળા-પાંજરાપોળના સંચાલકો આ ગૌરવશાળી સમારોહના સાક્ષી બન્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ અબોલ પશુઓની સારસંભાળ અને રખરખાવ કરતી આવી સેવા સંસ્થાઓના સારા કાર્યોમાં સરકાર યોગ્ય મદદ-સહાયથી પડખે ઊભી રહેવા તત્પર છે તેવા વિશ્વાસ આપ્યો હતો. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય સુધારવા પ્રાકૃતિક ખેતીથી બેક ટુ બેઝિકનું આગવું વિઝન આપ્યું છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળીને રાસાયણિક ખાતરથી ઉત્પન્ન થતાં અનાજથી મુક્તિ સાથોસાથ પશુધનની પણ સારી રીતે માવજત થઈ શકશે.

વડાપ્રધાનશ્રીએ રોજબરોજની જીવનશૈલીમાં પણ પર્યાવરણ જાળવણીના ધ્યેય સાથે મિશન લાઈફનો વિચાર આપ્યો છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સૌ મહાજનોને જીવદયાના તેમના સેવાકાર્ય સાથે પાણી બચાવવું, વીજળીનો કરકરસરપૂર્વક ઉપયોગ કરવો તેમજ વડાપ્રધાનશ્રીએ જિલ્લે-જિલ્લે ૭૫ અમૃત સરોવર બનાવવા આપેલા આહવાનમાં પણ સહભાગી થવા અનુરોધ કર્યો હતો. દેશના અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાત આવા કાર્યોથી અગ્રેસર રહેશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગૌશાળા-પાંજરાપોળોને સમયસર સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ભગવાન મહાવીર સ્વામીના 'જીવો અને જીવવા દો'ના સૂત્રને પશુઓની નિભાવણી દ્વારા ગૌશાળા-પાંજરાપોળો આત્મસાત કરે છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના દષ્ટિવંત નેતૃત્વમાં રાજ્યમાં ગૌવંશ માટે રૂ. ૫૦૦ કરોડના પ્રાવધાન સાથે શરૂ કરાયેલી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે સમસ્ત મહાજન દ્વારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીશ્રીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોને સહાયના ચેક અર્પણ કરવા ઉપરાંત રાજસ્થાનની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકોનું જીવદયાના આ અદકેરા કાર્ય માટે સન્માન કર્યું હતું.

કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૌસંવર્ધન માટે શરૂ કરેલા વિવિધ કાર્યક્રમો ગૌચર વિકાસ બોર્ડ, ગૌસેવા આયોગ, પશુ રસીકરણ, પશુ આરોગ્ય મેળાઓ વગેરેથી પશુસંવર્ધન અને પશુસુધારણા માટે ઉમદા કામગીરી કરી હતી. આ જીવદયાપ્રેમી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આ કામગીરીને સતત આગળ ધપાવી રહી છે.

મંત્રી શ્રી રાઘવજીભાઈએ ગીર, કાંકરેજી, ડાંગી દેશી ગાય જેવી ઓલાદોના સંવર્ધન માટે તેમજ રાજ્ય સરકારના સફળ પ્રયાસોની જાણકારી આપી હતી. તેમજ ગૌસેવા બોર્ડ-ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌશાળા-પાંજરાપોળના માળખાકીય સાધન-સુવિધા પૂરી પાડી સ્વાવલંબી બનાવવા માટે રાજ્ય સરકારે અદ્યતન સાધન સહાય પૂરી પાડવા માટે છેલ્લાં ૧૦ વર્ષમાં રૂ. ૧૦૦ કરોડની મદદ કરી હોવાની વિગતો આપી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, કોરોનાના કપરાકાળમાં પણ રાજ્ય સરકારે આત્મનિર્ભર ગુજરાત યોજના હેઠળ દરેક સંસ્થાને પશુ દીઠ રૂ. ૨૫ લેખે રોકડ સહાય સતત ૭ માસ સુધી કરી હતી અને રૂ. ૨૨૧ કરોડની સહાય કરીને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ચાફ કટર, બેલર, સોલર પેનલ વગેરે જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ માટે રૂ. ૩૫.૪૯ કરોડની સહાય ગૌશાળા-પાંજરાપોળોને કરવામાં આવી છે. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ સહાય યોજના અંતર્ગત ગયા વર્ષે રાજ્યમાં પશુદીઠ દૈનિક રૂ. ૩૦ લેખે ૧૧૯૪ જેટલી સંસ્થાઓના ૩.૧૦ લાખ પશુઓ માટે રૂ. ૧૭૦.૩૭ કરોડની સહાય પણ રાજ્ય સરકારે આપી છે એમ શ્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યું હતું.

કૃષિ મંત્રી શ્રી પટેલે ગૌશાળા-પાંજરાપોળો જેવી સંસ્થાઓને કેન્દ્ર-રાજ્યની ગોબરધન સહિતની જુદી જુદી યોજનાઓનો લાભ લઈ આર્થિક ઉપાર્જન થકી કાયમી ધોરણે આત્મનિર્ભર અને સ્વાવલંબી બને તે માટે પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં સમસ્ત મહાજનના શ્રી ગીરીશભાઈ શાહ તથા શ્રી મિતલભાઈ ખેતાણી, જામનગરના મેયર શ્રી બિનાબહેન કોઠારી, પ્રદેશ ભાજપા ઉપાધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ વર્ષાબેન દોશી, વડોદરાના પૂર્વમેયર ડૉ. જિગીશાબેન શેઠ, પશુપાલન નિયામક શ્રીમતી ફાલ્ગુની બહેન સહિત રાજ્યની ગૌશાળા-પાંજરાપોળોના સંચાલકો-ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# એમસીએક્સ પર એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૩૧ લપસ્યોઃ નેચરલ ગેસમાં પણ નરમાઈનો માહોલ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૬૦૩નો વધુ ઉછાળોઃ સોનામાં મિશ્ર વલણઃ કોટન-ખાંડી, મેન્થા તેલ ઢીલાઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮,૨૩૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૬૦૨ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૭,૫૬૮ સોદાઓમાં કુલ રૂ.૩૦,૮૫૬.૨૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮,૨૩૩.૫૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૨૬૦૨.૨૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૮,૯૫૬ સોદાઓમાં રૂ.૫,૫૬૧.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૬૫૮ અને નીચામાં રૂ.૫૮,૫૦૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩ ઘટી રૂ.૫૮,૫૫૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૪૭,૨૫૧ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૫,૮૩૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨ ઘટી રૂ.૫૮,૧૯૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૧૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૮૦૦ અને નીચામાં રૂ.૭૨,૧૧૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૦૩ વધી રૂ.૭૨,૫૮૫ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૨૮ વધી રૂ.૭૨,૪૫૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૭૦ વધી રૂ.૭૨,૪૬૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૦૦૨ સોદાઓમાં રૂ.૧,૦૮૫.૪૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૩૩.૮૫ના ભાવે ખૂલી, રૂ.૨.૫૫ વધી રૂ.૭૩૫.૬૫ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૯૯.૩૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ વધી રૂ.૨૧૨ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૫૦ વધી રૂ.૧૯૯.૬૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૩.૮૦ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૦.૭૦ વધી રૂ.૨૧૧.૮૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૦,૨૯૦ સોદાઓમાં રૂ.૧,૫૪૭.૯૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૬૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૪૩ અને નીચામાં રૂ.૬,૪૯૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૧ ઘટી રૂ.૬,૫૧૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧૨૪ ઘટી રૂ.૬,૫૧૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૩ના ભાવે ખૂલી, રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૧૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૨.૫ ઘટી ૨૧૦.૨ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩૮.૭૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૮૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૮૮૦ અને નીચામાં રૂ.૫૯,૩૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૦ ઘટી રૂ.૫૯,૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૬.૮૦ ઘટી રૂ.૯૭૯.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૩૮૦.૮૪ કરોડનાં ૨,૩૫૬.૯૮૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૧૮૦.૫૩ કરોડનાં ૫૭૨.૦૯૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૧૧ કરોડનાં ૧૦,૮૪,૬૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૮૩૬.૯૪ કરોડનાં ૩,૮૮,૬૪,૦૦૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૬.૫૯ કરોડનાં ૮,૩૩૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૪.૬૨ કરોડનાં ૧,૩૩૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૩૭.૧૧ કરોડનાં ૮,૬૬૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૫૭.૧૩ કરોડનાં ૧૨,૦૯૦ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૮.૫૭ કરોડનાં ૧,૪૪૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૦.૨૦ કરોડનાં ૨૯૮.૦૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૯૩૮.૦૯૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૩.૬૧૭ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૬૫૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૬૯૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૮૭૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૭,૬૨૨ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૮,૯૩,૮૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭,૩૦,૬૭,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૪,૯૭૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૮૭.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૦.૪૧ કરોડનાં ૨૫૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૩૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૭૩૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૬૫ અને નીચામાં ૧૫,૭૨૧ બોલાઈ, ૪૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૨ પોઈન્ટ વધી ૧૫,૭૪૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૨૬૦૨.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૬૫.૨૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૩૪.૯૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૧૫૨.૯૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૩૪૭.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૧૨.૨૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૬.૮૦ અને નીચામાં રૂ.૧૭૧.૭૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૬.૪૦ ઘટી રૂ.૧૭૯ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૫.૫૦ અને નીચામાં રૂ.૩.૫૦ રહી, અંતે રૂ.૧.૩૫ ઘટી રૂ.૩.૮૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨૮ અને નીચામાં રૂ.૪૮૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩ ઘટી રૂ.૪૯૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૫ અને નીચામાં રૂ.૨૨ રહી, અંતે રૂ.૧૩.૫૦ ઘટી રૂ.૨૭.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૫૨ના ભાવે ખૂલી, રૂ.૧૩૦.૫૦ વધી રૂ.૩૧૮ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૫,૦૦૦

આભાર - નિહારીકા રવિયા સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૮૮ વધી રૂ.૨,૦૮૭ થયો હતો. તાંબુ સપ્ટેમ્બર રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૨૪ વધી રૂ.૧૧ જસત સપ્ટેમ્બર રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૨ ઘટી રૂ.૨.૮૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૪૭.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૧ અને નીચામાં રૂ.૧૪૬.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૨.૭૦ વધી રૂ.૨૦૫ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૩.૯૦ અને નીચામાં રૂ.૨.૧૫ રહી, અંતે રૂ.૧.૨૦ વધી રૂ.૩.૬૫ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૦.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૩૫ અને નીચામાં રૂ.૩૮૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨ વધી રૂ.૪૨૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨ અને નીચામાં રૂ.૮૦.૫૦ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૧૧૩ થયો હતો.

## સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રામ્ય વિસ્તારની

# સામાન્ય જનતાને નાણાકીય સમાવેશની માહિતી આપવા કઅને ડાકોર શાખા દ્વારા તેના પ્રચાર માટે મેગા ફાઈનાન્સિયલ ઈન્કલુઝન કેમ્પ નુ આયોજન



સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ગ્રામ્ય વિસ્તારની સામાન્ય જનતાને નાણાકીય સમાવેશની માહિતી આપવા કઅને ડાકોર શાખા દ્વારા તેના પ્રચાર માટે મેગા ફાઈનાન્સિયલ ઈન્કલુઝન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નાણાકીય સમાવેશ માટેના આ શિબિરની અધ્યક્ષતા સેન્ટ્રલ ઓફિસ, મુંબઈ ખાતેથી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજર શ્રીમતી પોપી શર્માએ કરી હતી. અમદાવાદ પ્રદેશના પ્રાદેશિક વડા ડો. હિમાંશુ ગુપ્તાએ જનરલ મેનેજર શ્રીમતી પોપી શર્મા, વિવિધ પંચાયતોના સરપંચો અને આસપાસના ગામોના મોટી સંખ્યામાં ગ્રામજનો અને મહિલાઓનું સ્વાગત કર્યું હતું. તેમના સંબોધનમાં તેમણે ખેડૂતોને કૃષિ ક્ષેત્રના દિન પ્રતિદિન વિકાસ અને બેંકની કૃષિ યોજનાઓનો લાભ લેવા હાકલ કરી હતી. પરંપરાગત ખેતીની સાથે, તેમને સજીવ ખેતી, મત્સ્યઉદ્યોગ, રોકડિયા પાક, ફળો અને શાકભાજીના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને તેમને ખાતરી આપી હતી કે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખાઓની સમર્પિત ટીમ આ ક્ષેત્રની પ્રગતિ માટે તમારી સાથે છે.

શ્રીમતી પોપી શર્મા, જનરલ મેનેજર ડાકોર અને આસપાસના ગામોની મહિલાઓ, ગ્રામ્ય લોકો, વિવિધ પંચાયતોના સરપંચો, મહાનુભાવો અને બેંકની ડાકોર શાખાના સભ્યોને 'મેગા ફાઈનાન્સિયલ ઈન્કલુઝન કેમ્પ'ના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ગ્રામજનોને કૃષિ, ઉદ્યોગ, વેપાર, શિક્ષણના દરેક ક્ષેત્રે બેંકની લોકઉપયોગી યોજનાઓ અને ભારત સરકારની વિવિધ સામાજિક યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા તેમણે તેમની બેંકની વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા અને ૧૮ સ્વ-સહાય જૂથોની મહિલા પ્રતિનિધિઓને લોન મંજૂરી પત્રો આપીને તેના મહત્વ વિશે વિગતવાર સમજાવ્યું હતું. આ પ્રસંગે તેમણે ઝ્દ્રઝ્ર, સ્વસહાય જૂથ, હાઉસિંગ લોન, ડેરી ઉદ્યોગ, વેરહાઉસને લોન મંજૂર પત્રો આપ્યા હતા. મેગા કેમ્પ અંતર્ગત શાખા દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાના ૫૦૦ ખાતા, પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાના ૧૫૦ ખાતા અને અટલ પેન્શન યોજનાના ૫૦ ખાતા ખોલવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી દીપકભાઈ રોહિત, શ્રી હનુમાન મંદિરના શ્રી વિજયકુમાર, શ્રી ભરતભાઈ શાહ, શ્રી જયેશભાઈ અમીન, શ્રી સંજયભાઈ મોહનભાઈ, શ્રી કાભાઈ ભાઈ પરમાર, શ્રી રમણભાઈ સોમાભાઈ ડાભી, શ્રી મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી હનુમાનભાઈ સોલંકી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગોપાલભાઈ મહારાજ, શ્રી વિનયકુમાર પટેલ, શ્રી રોહિતભાઈ રમણભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ ઈશ્વરભાઈ, શ્રી વિપુલભાઈ પટેલ, શ્રી વિજયભાઈ, શ્રીમતી સરોજબેન અને પુષ્પાંજલી એનજીઓ તરફથી કુ. ઉષાબેન, દીપ ડોનબાસ્કો એનજીઓ તરફથી કુ. સુમિત્રાબેન સોલંકી, મિશન મંગલમ તરફથી શ્રી રાજેન્દ્રભાઈ અને અશ્વિનભાઈ પરમાર, શ્રી મહેશભાઈ પરમાર વગેરે મોટી સંખ્યામાં ગ્રામજનોએ ખાસ ઉપસ્થિતિ સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની ડાકોર શાખા અને બેંક દ્વારા આવા ભવ્ય અને ભવ્ય આયોજન માટે આપવામાં આવતી સેવાઓની પ્રશંસા કરી હતી.ડાકોર શાખાના બ્રાંચ મેનેજર શ્રી રૌનક શાહે જનરલ મેનેજર શ્રીમતી પોપી શર્મા, ડો. હિમાંશુ ગુપ્તા, તમામ પ્રાદેશિક સરપંચો અને મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. ડાકોર શાખાના વડા, સ્ટાફના સભ્યો સાથે અન્ય નજીકની શાખાઓના સ્ટાફ અને શ્રી શશિભૂષણ દયાલ, ઉપ-પ્રાદેશિક વડા અને પ્રાદેશિક કચેરી અમદાવાદના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તમને રોટલીના કેટલા પ્રકારની જાણકારી છે?

આઠ દસ વ્યસક મિત્રોએ એક નિયમ બનાવ્યો અઠવાડિયામા બે વાર બધા મિત્રોએ ભેગા થવું આમાંથી એક મિત્રની પત્નીની દુનિયા છોડીને ગયા પછી બાગમાં રોજ ચાલવા જવુ પોતાના મિત્રો સાથે મજાક મસ્તી કરવી નજદીકના મંદિરમાં સવાર સાંજ દર્શન કરવા એમની રોજિંદી પ્રવુતિ હતી

ઘરમાં તેમને કોઈ તકલીફ નહોતી બધા તેમની ખુબ કાળજી રાખતા હતા પણ તેઓ વધુમાં વધુ સમય ઘરની બહાર પસાર કરતા હતા

બધા મિત્રો ઘરેથી ટિફિન લાવતા હતા અને સાથે જમતા હતા તેમાં આ મિત્ર હમેશા ૩ રોટલી જ લાવતા હતા

એક દીવસ વાત નીકળતા એક મિત્રએ પૂછ્યું.શું મિત્ર તમારી વહુ તમને ત્રણ જ રોટલી આપે છે? શું તમને ભૂખ ઓછી લાગે છે?

પેલા મિત્ર બોલ્યા હું ભગવાન પાસે ત્રણ જ રોટલી માંગુ છું.બધા મિત્રો બરાબર સાંભળજો તમને બધાને રોટલી વિશે એક વાત કહું છું.

મારાં મત પ્રમાણે રોટલી ચાર પ્રકારની હોય છે.

પહેલી સૌથી સ્વાદિષ્ટ રોટલી જે માતાના પ્રેમ અને વાત્સલ્યથી ભરેલી હોય છે જેનાથી પેટ ભરાય છે પણ મન હંમેશા તેને ખાવા અતૃપ્ત રહે છે



આ સાંભળી એક મિત્ર વચમાં બોલી ઉઠ્યો કે તમારી વાત સાચી છે પણ લગ્ન પછી માના હાથની રોટલી ભાગ્યે જ મળે છે

પેલા મિત્રએ પોતાની વાત આગળ વધારતા કહ્યું હા બરાબર છે બીજી રોટલી પત્નીની હોય છે જેમાં સ્વભાવ અને સમર્પણની ભાવના હોય છે જે પેટ અને મન બનેને ભરે છે આ સાંભળી બીજો એક મિત્ર બોલ્યા અરે આ વાત તો અમે ક્યારેય વિચારી જ નથી

તો પછી ત્રીજી રોટલી કોની હોય છે? બીજા એક મિત્રએ પૂછ્યું

પેલા મિત્રએ કહ્યું ત્રીજી રોટલી વહુની હોય છે જેમાં માત્ર ફરજની ભાવના હોય છે જે થોડો સ્વાદ પણ આપે છે અને પેટ પણ ભરે છે અને વૃદ્ધાશ્રમની તકલીફોમાંથી પણ બચાવે છે.

ચોથી રોટલી નોકરાણીની હોય છે જેનાથી ના વ્યક્તિનું પેટ સંતુષ્ટ થાય છે ના તો મન ભરાય છે અને સ્વાદની કોઈ ગેરંટી નથી

આ સાંભળી બધા મિત્રો અવાહક થઈ ગયા થોડી વાર મૌન પથરાઈ ગયું

હંમેશા માતાની પુજા કરો પત્નીને તમારી શ્રેષ્ઠ મિત્ર બનાવીને આનંદથી જીવન જીવો પુત્રવધુને તમારી પુત્રી સમજો અને તેની નાની ભુલોને નજરઅંદાજ કરતા શીખો અને કોઈ વાત પુત્રવધુને સમજાવવા જેવી હોય તો શાંતિથી અને પ્રેમથી સમજાવો અને જો તમારી પુત્રવધુ ખુશ. હશે તો તમારું સારી રીતે ધ્યાન રાખશે.

પણ જો ભગવાન ના કરે જો પરિસ્થિતિ તમને ચોથી રોટલી પર લઈ આવે તો એ વાત માટે ભગવાનનો આભાર માનો કે તેમણે તમને જીવતા રાખ્યા છે અને હવે સ્વાદ પર ધ્યાન ના આપો બસ જીવવા માટે થોડું ઓછું ખાવો જેથી વૃદ્ધાવસ્થા આરામથી પસાર થઈ જાય

હવે આપને બધા મનમાં એમ વિચારો કે આપની પાસે માલીકનું આપેલું ઘણું બધું છે આપને ખરેખર કેટલા ભાગ્યશાળી અને નસીબદાર છીએ.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત



પ્રિન્સ પાર્થ પ્રોડક્શન આણંદ દ્વારા આજે આણંદ બાદશાહ સ્ટુડિયો ખાતેપ્રોડ્યુસર શૈલેષ શાહ, મા ગુરુમૈયા ડો.હરેશ્વરી દેવી તથા રાઈટર દિગ્દર્શક જયેશ ત્રિવેદીના સાન્નિધમાં ફીલ્મ પરવરિશના ટાઈટલનાં મારા ગીતનું મેગા સ્ટાર દ્વારા સતત દસ કલાકનું શુટિંગ થયું. એ અવસરને રુબરુ માણવાનો આનંદ લીધો. અન્ય ગીતોનું શુટિંગ ઉદેપુર ખાતે થનાર છે. સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ ગુરુ

## ચંદ્રયાન ૩ ના સફળ લેન્ડિંગ નું જીવંત પ્રસારણ બતાવવા મહાનગર પાલિકા દ્વારા નગરજનો માટે અલગ અલગ ૪ સ્થળોએ વ્યવસ્થા કરાઈ



ચંદ્રયાન ૩ ને ચંદ્રની સપાટી પર સફળ લેન્ડિંગ કરાવીને ભારતે ઈતિહાસ રચ્યો છે. ચંદ્રયાન ૩ ના લેન્ડિંગનું જીવંત પ્રસારણ જોવા માટે શહેર માં અલગ અલગ જગ્યાએ વ્યવસ્થા કરવામાં આવી હતી. જે અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે પણ તેનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું હતું. જેને જોવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, જીઅમસી નાકર્મચારી ઓ હાજર રહ્યા હતા. ઉપરાંત શહેરની અલગ અલગ સ્કૂલ ના બાળકો પણ ચંદ્રયાન ૩ ના સફળ લેન્ડિંગ ને જોવા માટે ઉમટી પડ્યા હતા. ભારત દેશના લોકો માટે આજનો દિવસ ખાસ છે.

# અંબાપુરની વાવ પાસે રૂપિયા ૩ કરોડના ખર્ચે બગીચો બનાવાશે, ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે


ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકામાં નવા ભળેલા વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે મહાનગરપાલિકા દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત દક્ષિણ ઝોનના અંબાપુર વિસ્તારમાં વાવને ડેવલોપ કરવા માટેની તૈયારી શરૂ કરવામાં આવી છે. અંબાપુર ગામની વાવની બાજુમાં રૂપિયા ત્રણ કરોડના ખર્ચા ઉદ્યાન તૈયાર કરવામાં આવશે. જેનો લાભ આસપાસના વિસ્તારને મળશે.

અંબાપુરની વાવ પાસે ૭૩૮ ચો. મીટરમાં બગીચો બનાવવામાં આવશે. જેમાં બાળકો માટે રમત-ગમતના સાધનો, પાણીની ટાંકી, સોલાર એલ.ઈ.ડી. લાઈટ, સોલાર પેનલ સાથેનો ગજીબો, ટોઈલેટ વગેરે જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે. ગાંધીનગર,અમદાવાદ આવતા દેશ-વિદેશ તેમજ સ્થાનિક પ્રવાસીઓ માટે અડાલજ વાવ ઉપરાંત અંબાપુર વાવને એક નવી પુરાતત્વ સાઈટ મળશે તથા સ્થાનિક રોજગારી સહિત પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે. વાવને ફરતે બગીચો બનાવવાથી આ વિસ્તારનું સૌંદર્ય ખીલી ઉઠશે.




# વડતાલધામમાં દેવ દર્શન માટે મુકાયેલ વિશાળ એલ ઈ ડી પર ચંદ્રયાન ૩ નિહાળતા સંતો ભક્તો



દેશવાસીઓની સાથે સાથે વડતાલધામ ના સંતો અને ભક્તોએ દર્શનની જગ્યાએ ચંદ્રયાન -૩ નુ સફળ લોંચીંગ નિહાળીને વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા. છેલ્લા ૨૪ કલાકથી સંતો મહંતો આ મિશનની સફળતા માટે પ્રાર્થના - યજ્ઞ મહાપૂજા કરી રહ્યા હતા. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ , ચેરમેન દેવપ્રકાશ સ્વામી , કોઠારી ડો. સંત સ્વામી વગેરેએ ઈસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા. આ વડતાલ મંદિર પરિસરની પ્રથમ ઘટના હતી કે , લાઈવ દર્શનની જગ્યાએ બીજો કોઈ કાર્યક્રમ પ્રસારિત થયો હોય. વડતાલ સંસ્થા ચંદ્રયાન -૩ ની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવે છે.



શાસ્ત્રો ભગવાનને ગરીબનિવાજ કહીને સંબોધે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી લોયાધામના ઝીર્ણોધારક એવા પ.પૂ.સદ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી લોયાધામ દ્વારા ગરીબ જનોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતુ.સંસ્થા દ્વારા અવાર-નવાર સામાજીક- શૈક્ષણિક - ધાર્મિક આયોજનો થતા રહે છે. લોયાધામ સ્વામિનારાયણ મંદિરના સંત સરજુ વલ્લભસ્વામી અને પવિત્ર વલ્લભસ્વામીએ અને કનુભાઈ ડી.ખાચર ગરીબોને કપડા આપ્યા હતા.

# પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગને સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવીને વૈજ્ઞાનિકોને શુભેચ્છાઓ પાઠવી

પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ચંદ્રયાન-૩ ની સફળતાને સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઁજીઈના વૈજ્ઞાનિકો દ્વારા દિવસ-રાત મહેનત કરીને ચંદ્રયાન-૩ને સફળ પરિણામ સુધી પહોંચાડ્યુ છે તે બદલ મંત્રીશ્રીએ તમામ વૈજ્ઞાનિકોને સહર્ષ અભિનંદન પણ પાઠવ્યા હતા.

ચંદ્રયાન-૩ ના વિક્રમ લેન્ડરના સફળ લેન્ડિંગ દ્વારા ભારત દેશ ચંદ્ર પર પહોંચનાર સમગ્ર વિશ્વમાં ચોથો દેશ બન્યો છે.

ચંદ્રયાન-૩ ચંદ્ર પર માનવજીવન શક્ય હોવા સહિતના વિવિધ મુદ્દે સંસોધન કરશે જે ફક્ત ભારત દેશ જ નહી પરંતુ સમગ્ર વિશ્વને લાભદાયક નિવડશે તેવો ભાવ મંત્રીશ્રીએ




વ્યક્ત કર્યો હતો.

ચંદ્રયાન – ૩ ની સફળતામાં ગુજરાતમાં સ્થિતઁજીઈ અને તેના વૈજ્ઞાનિકોનો પણ અમૂલ્ય ફાળો હોવાનું મંત્રીશ્રીએ ગૌરવપૂર્ણ જણાવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠક સંદર્ભે માહિતી આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતી પ્રક્રિયાની કાર્યવાહી ઝડપી બનાવવામાં આવશે.

વધુમાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ કે,ઁસ્જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત રાજ્યના પ્રત્યેક ઘર સુધી વીમા સહાય પહોંચાડવાની દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે.

રાજયમાં ડીપ્લોમાં ટુ ડિગ્રી(હ૨હ) માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્ર્સ ટેસ્ટ લેવામાં આવશે તે નિર્ણય અંગે વિગતો આપતા મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, બોર્ડ/યુનિવર્સિટીની વધુ સંખ્યાને કારણે પ્રવેશ સમિતી માટે બેઠકોની ફાળવણી અને વિવિધ બોર્ડનું મેરિટ લીસ્ટ તૈયાર કરવામાં જટિલતા રહેતી હતી. આ તમામ યુનિવર્સીટીની પરીક્ષાઓમાં એકસૂત્રતા લઈને એક મેરીટમાં લાવવુ શક્ય ન હતુ.

આ વિસંગતતા, અસ્પષ્ટતા, અને અસંતોષ ટાળવા માટે અને તમામ અરજદાર વિદ્યાર્થીઓને એકસમાનમંચ પર લાવીને ડિપ્લોમા બાદ ડિગ્રીના બીજા વર્ષમાં લેટરલ એન્ટ્રી એડમિશન માટે કોમન એન્ટ્ર્સ ટેસ્ટ પ્રવેશ પરીક્ષા પ્રવેશ વર્ષ ૨૦૨૪ થી લેવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ પરીક્ષાની પ્રવેશ વર્ષ ૨૦૨૪ માટેની જાહેરાત અને રજીસ્ટ્રેશન ફેબ્રુઆરી ૨૦૨૪ થી કરવામાં આવનાર હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.



ચંદ્રયાન નું સફળ લેન્ડિંગ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબે પોતાના નિવાસ્થાનેં દૃ ઉપર નિહાળ્યું અને આ ભારત માટેની આ વિશેષ સિદ્ધિ માટે ભારતના વૈજ્ઞાનિકો અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા હતાભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ જીએ જણાવ્યું હતું કે આ નવા ભારતનો જયઘોષ છેપ.!!! ચંદ્રયાન ૩નું ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ થયું છે. ચંદ્રનાં સાઉથ પોલ પર ઉતરાણ કરનાર ભારત પહેલો દેશ બન્યો છે. આ ઐતિહાસિક ક્ષણનાં સાક્ષી બનવાનું સૌભાગ્ય મળ્યું ત્યારે આંખો ભીની થઈ અને એક નવી જ ઉર્જાનો અનુભવ થયો, આજે આખો દેશ આ ઉર્જા અનુભવી રહ્યો છે. ચંદ્રયાન-૩ની સફળતાએ સૌર મંડળની અનેક નવી સીમાઓને ખોલી આપી છે. બ્રમ્હાંડની અનેક સંભાવનાઓને સાકાર કરવા તરફ ભારતે આ પહેલું સફળ કદમ માંડ્યું છે.શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું હતું કે હું ઈસરોનાં સર્વ વૈજ્ઞાનિકોને નતમસ્તક વંદન કરું છું. એમનાં સતત અને સખત પરિશ્રમનું આ અમૃતફળ છે. આજનો દિવસ આપણો દેશ ક્યારેય નહીં ભૂલી શકે !

# ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે સસ્તા અનાજના દુકાનદારોએ આવેદન પત્ર આપ્યું




ચાણસ્મા શહેર સહીત તાલુકાની અંદર આવેલ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા પોતાની પડતર માંગણીઓ મુદ્દે ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડાને આવેદનપત્ર આપી પોતાની અગાઉની માંગ નહી સંતોષાય તો આગામી સપ્ટેમ્બર મહિનાનો માલ નહીં ઉતારવાની ચીમકી ઉચ્ચારી હતી.

ગુજરાત રાજ્યના રેશન ડીલરોના વિવિધ પ્રશ્નો બાબતે રાજ્યના બંને એસોસિએશન દ્વારા ઘણા લાંબા સમયથી લેખીત અને મૌખિક પ્રશ્નો બાબતે સરકારની સાથે અનેક બેઠકો થઈ ચૂકી છે. તેમાં પડતર પ્રશ્નો બાબતે ચોક્કસ નીતી વિષયક સંમતિ સધાઈ ગયા બાદ પુરવઠા વિભાગ પાસે કમિટમેન્ટ કરાયું છે. છતાં લાંબા સમયથી પડતર માંગણીઓની સતત ઉપેક્ષા થઈ રહી હોઈ અને યોગ્ય હકારત્મકતા નહી મળતાં યોગ્ય નિરાકરણ નહી આવતાં એસોસિએશન દ્વારા આગામી સપ્ટેમ્બર માસનો અનાજનો જથ્થો દુકાનધારકો ઉતારશે નહીં તેવી ચીમકી આપતું આવેદન પત્ર ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડાને આપ્યું હતુ. આ પ્રસંગે ચાણસ્મા એસોસિએશનના દિનેશભાઈ પરમાર, અરવિંદભાઈ વ્યાસ, દિપકભાઈ પટેલ, ભૈઈલાલ પટેલ,નટુભા ઝાલા,હરેશ ગૌસ્વામી સહિત દુકાનદારો ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટર- નિખીલ જોષી પાટણ બ્યુરો

# વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી હેમંતભાઈ કંસારાજીના અધ્યક્ષ સ્થાને "મતદાન ચેતના અભિયાન" અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ



ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના અધ્યક્ષ અને પેજ કમિટી ના પ્રણેતા આદરણીય શ્રી સી.આર.પાટીલજી,પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી ની સૂચના અને માર્ગદર્શન મુજબ ×મતદાતા ચેતના અભિયાન× કાર્યક્રમ અંતર્ગત વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના માનનીય પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાજી ના અધ્યક્ષ સ્થાને ×પત્રકાર પરિષદ× નું આયોજન જિલ્લા ભાજપ કાર્યાલય ×શ્રી કમલમ× ખાતે કરવામાં આવ્યું હતું

પત્રકાર પરિષદ માં માહિતીઓ આપતા વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાજી એ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી દ્વારા રાષ્ટ્રીય સ્તરે ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ હાલની મતદાર યાદીની ચકાસણી માટે ભાજપ મતદાતા ચેતના અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, નવા મતદારોનો ઉમેરો અને અનધિકૃત/મૃત મતદારોને કાઢી નાખવાના માધ્યમ દ્વારા મતદાર યાદીમાં સુધારો કરવા,મતદાર જનસંપર્ક અને જનતાની સહાય, વહીવટી અધિકારીઓ સાથે સંકલન,વહીવટી અધિકારીઓ કાર્યમાં પારદર્શિતા લાવવા જેવા કાર્યો કરવામાં આવશે, આગામી તારીખ ૨૫/૨૬ ઓગસ્ટ ના રોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા રાષ્ટ્રવ્યાપી ઘર-ઘર જનસંપર્ક અંતર્ગત ઘર ઘર ની મુલાકાત લેવા અને મતદારોની ચકાસણી માટે રાષ્ટ્રવ્યાપી ડોર ટો ડોર જનસંપર્ક અભિયાન ચલાવવામાં આવશે, આ રાષ્ટ્રીયવ્યાપી ડોર તો ડોર જનસંપર્ક અભિયાનમાં રાષ્ટ્રીય અને પ્રદેશ સ્તરના નેતાઓ પણ ભાગ લેશે,અન્ય ચૂંટાયેલા પ્રીતિનિધિઓ (જેમ કે સાંસદો અને ધારાસભ્યો,પંચાયત સભ્યો,સ્થાનિક સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓ) પણ તેમના મતવિસ્તારમાં ભાગ લેશે, ૨૫ મી ઓગસ્ટ થી ૩૦મી ઓગસ્ટ અંતર્ગત ચાલનાર આ કાર્યક્રમ માં ફોર્મ નંબર ૫,૬,૭ ભરવામાં આવશે જેની વિગતવાર માહિતીઓ આપવમાં આવી હતી

પત્રકાર પરિષદમાં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી જીતેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ ભાનુશાલી,પ્રદેશ લઘુમતી મોરચાના મંત્રી શ્રી ઈલિયાસભાઈ મલેક, જિલ્લા મીડિયા કન્વીનર દિવ્યેશ કૈલાશનાથ પાંડે ઉપસ્થિત રહ્યા હતા

દિવ્યેશ કૈલાશનાથ પાંડે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.